# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી

NAAC 'B' (2.21) State University

યુનિવર્સિટી રોડ, પો. બો. નં.-૨૧, પાટણ (ઉ.ગુ.) ૩૮૪૨૬૫

ફોન : (૦૨૭૬૬) ૨૨૦૯૩૨, ૨૩૭૦૦૦ ફેક્સ : (૦૨૭૬૬) ૨૩૧૯૧૭

Email : regi@ngu.ac.in Website : www.ngu.ac.in


પરિપત્ર ક્રમાંકઃ ૬૨ /૨૦૨૬

**અગત્યનું**

વિષયઃ- યુનિવર્સિટી સંલગ્ન અનુદાનિત તેમજ સેલ્ફ ફાયનાન્સ કોલેજોમાં શૈક્ષણિક સ્ટાફની ભરતી કરવા અંગે.

સંદર્ભઃ (૧) અત્રેના પરિપત્ર ક્રમાંકઃ ૨૧૮/૨૦૨૫, એકે/માન્યતા/૪૬૧૪/૨૦૨૫, તારીખ.૨૪/૦૯/૨૦૨૫.

(૨) અત્રેના પત્રાંકઃ કુસ.કા./૬૮૨૭/૨૦૨૬ તા.૦૩/૦૧/૨૦૨૬ રૂબરૂ તા.૦૫/૦૧/૨૦૨૬.

(૩) આ યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સિલની તા.૧૯/૦૨/૨૦૨૬ ની સભાના ઠરાવ નં.-૫.૬૨.

(૪) આ યુનિવર્સિટીની કારોબારી સમિતિ અને બોર્ડ ઓફ મેનેજમેન્ટની સંયુકત બેઠક તા.૨૩/૦૩/૨૦૨૬ ની સભાના ઠરાવ નં.-૦૧.

આથી આ યુનિવર્સિટી સંલગ્ન તમામ વિદ્યાશાખાની સ્વનિર્ભર અભ્યાસક્રમો ચલાવતી કોલેજો તથા બિનસરકારી અનુદાનિત કોલેજોમાં સ્વનિર્ભર અભ્યાસક્રમ ચલાવતી કોલેજના સંચાલક મંડળના પ્રમુખશ્રી/મંત્રીશ્રી/ આચાર્યશ્રીઓને જણાવવાનું કે, તા.૨૫-૨૬ અને ૨૮ ઓગષ્ટ, ૨૦૨૫ ના રોજ આ યુનિવર્સિટી સંલગ્ન તમામ વિદ્યાશાખાની સ્વનિર્ભર અભ્યાસક્રમો ચલાવતી કોલેજોના શૈક્ષણિક સ્ટાફની ભરતી માટે સામૂહિક ઇન્ટરવ્યુ યુનિવર્સિટી કેમ્પસ ખાતે યોજવામાં આવેલ. જે કોલેજોને શૈક્ષણિક સ્ટાફ મળેલ ન હોય તેવી કોલેજોએ આ યુનિવર્સિટીના ઓર્ડિનાન્સ-૭૨ મુજબ યુનિવર્સિટી/યુ.જી.સી./અન્ય એપેક્ષ બોડી તથા રાજય સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસારની લાયકાતના ધોરણો પ્રમાણે ભરતી પ્રક્રિયા કરી શૈક્ષણિક સ્ટાફના ઇન્ટરવ્યુ પોતાની રીતે સંસ્થા કક્ષાએથી ઇન્ટરવ્યુ ગોઠવી શૈક્ષણિક સ્ટાફની ઘટ સત્વરે પૂર્ણ કરવા આથી જણાવવામાં આવે છે. સંલગ્ન કોલેજોના શૈક્ષણિક સ્ટાફની ભરતી માટેના સામૂહિક ઓપન ઇન્ટરવ્યુ યુનિવર્સિટી કક્ષાએ યોજવામાં આવનાર નથી.

કોલેજના શૈક્ષણિક સ્ટાફના ઓપન ઇન્ટરવ્યુ સંદર્ભે શૈક્ષણિક સ્ટાફની ભરતી માટે ક્યા-ક્યા વિષયોમાં અને કઇ-કઇ પોસ્ટની જગ્યા ભરવાની છે તે માટેના આ યુનિવર્સિટીના ઓર્ડિનાન્સ-૭૨ મુજબ વિષય તજજ્ઞ તથા યુનિવર્સિટી પ્રતિનિધિના નામો મેળવવા માટેની યુનિવર્સિટીને દરખાસ્ત કરવાની રહેશે.

વધુમાં જો કોઇ એક જ ટ્રસ્ટ/મેનેજમેન્ટ/સંસ્થા સંચાલિત એકથી વધુ સંલગ્ન કોલેજો હોય તેવા કેસમાં જે તે ટ્રસ્ટ/મેનેજમેન્ટ/સંસ્થાને તેઓ ધ્વારા સંચાલિત કોલેજોની શૈક્ષણિક સ્ટાફની સંયુકત રીતે ભરતી પ્રક્રિયાનું આયોજન કરી શકશે.

સંદર્ભ-૪ અન્વયે સંસ્થા/મેનેજમેન્ટ/કોલેજ ધ્વારા કોલેજ શૈક્ષણિક સ્ટાફની ભરતી યુ.જી.સી./અન્ય એપેક્ષ બોડી મુજબ પૂર્ણ લાયકાત ધરાવતાં હોય તેવા જ શૈક્ષણિક સ્ટાફની ભરતી કરવાની રહેશે અને કાઉન્સિલ સિવાયના અભ્યાસક્રમોમાં જો લાયકાત ધરાવનાર ઉમેદવાર ન મળે તો જ સંસ્થા/મેનેજમેન્ટ/કોલેજે પોતાની જવાબદારી પર ૧૧ માસ માટે ટેમ્પરરી ટીચીંગ આસિસ્ટન્ટ (T.T.A.) ના નામાભિધાન સાથે ૧૧ માસ કરાર આધારિત નિમણૂંક કરી શકાશે. આવી કરાર આધારિત નિમણૂંક સંદર્ભે નાણાકીય, કાયદાકીય, વહીવટીય તમામ જવાબદારી જે તે સંસ્થા/મેનેજમેન્ટ/કોલેજની રહેશે.

આ ઉપરાંત ટેમ્પરરી ટીચીંગ આસિસ્ટન્ટ (T.T.A.) નિમણૂંક બાબતે રાજયસરકારશ્રી અથવા નામ.કોર્ટ ધ્વારા જો કોઇ નિર્દેશન/નિર્ણય આપવામાં આવે તો તેની અમલવારી કરવાની તમામ જવાબદારી જે તે સંસ્થા/મેનેજમેન્ટ/કોલેજની રહેશે. પ્રસ્તુત બાબતે કોઇ પણ પ્રશ્નો ઉપસ્થિત થાય તો તે અંગેની યુનિવર્સિટીની જવાબદારી રહેશે નહિ. જેની નોંધ લેશો.

માન.કુલપતિશ્રીની ફાઇલ પર મળેલ મંજૂરી અનુસાર,

(ર્ડા.આર.એન.દેસાઇ)
કુલસચિવ

નં.-એકે/માન્યતા/૨૩૪ /૨૦૨૬

તારીખઃ૨૦/૦૪/૨૦૨૬

પ્રતિ,

આ યુનિવર્સિટી સંલગ્ન તમામ વિદ્યાશાખાની સ્વનિર્ભર અભ્યાસક્રમો ચલાવતી કોલેજોના પ્રમુખશ્રી/મંત્રીશ્રી/ આચાર્યશ્રીઓ તરફ,

નકલ સાદર રવાના જાણ સારૂઃ

(૧) નાયબ નિયામકશ્રી, નિયામકશ્રી,ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી,બ્લોક નં-૧૨, બીજો માળ, ર્ડા.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૨) માન.કુલપતિશ્રીનું કાર્યાલય, હેમ.ઉ.ગુ.યુનિ,પાટણ

(૩) માન.કુલસચિવશ્રીનું કાર્યાલય, હેમ.ઉ.ગુ.યુનિ,પાટણ

(૪) સિસ્ટમ એનાલીસ્ટશ્રી,એનાલીસ્ટશ્રી,કોમ્પ્યુટર (રીઝલ્ટ) સેન્ટર,સેન્ટર,હેમ.ઉ.ગુ.યુનિ,પાટણ ગુ.યુનિ,પાટણ (વેબસાઇટ પર મૂકવા સારૂ)

(૫) ઓફિસર ઇન્ચાર્જશ્રી,સબ સેન્ટર,ખેડબ્રહમા કેમ્પસ, ,મુ.વડાલી, જિ.-સાબરકાંઠા હેમ.ઉ.ગુ.યુનિ,પાટણ

(૬) સંબધિત ફાઇલે.